જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૦/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૦ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૬૨૫/૨૦૨૩

**ચાંદખેડાઃ** વિજય પ્રતાપભાઈ બજાજ (રહે. મહેંગીબાનગર આશારામ આશ્રમની બાજુમાં મોટેરા) એ તા.૦૧/૧૦/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૩ કલાક ૧૧/૦૦ થી તા.૨૬/૦૯/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

## ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૬૨૬/૨૦૨૩

**નારોલઃ** તા.૦૧/૧૦/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા જેતલપુર એમ.પી.પંડ્યા સ્કુલ સામે દેવ સરોવર તળાવના કિનારે બાવળની ઝાડીઓમાંથી નવજાત મૃત ભૃણ ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા નારોલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૨૭/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કેતનભાઇ રમેશભાઇ ઠક્કર (ઉ.વ.૫૦)(રહે.વ્રજરજ બંગ્લોઝ, સર્વોદય સોસાયટી જવાહરચોક, મણીનગર) તા.૨૬/૦૯/૨૦૨૩ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે મણિનગર જવાહરચોક ચાર રસ્તાથી હીરાભાઇ ટાવર તરફ યામાહા શો રૂમ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષાના ચાલકે રીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કેતનભાઇને ટક્કર મારતા કેતનભાઇ ઠક્કરને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને વૈષ્ણોદેવી સર્કલ કે.ડી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૦/૨૦૨૩ કલાક ૦૦/૫૧ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કેતનભાઇ ઠક્કરના પુત્ર દર્શીલ ઠક્કર એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૨૮/૨૦૨૩**

**નિકોલ**ઃ વિપુલભાઈ બાબુભાઈ ભાલીયા (ઉ.વ.૩૩) (રહે. અશ્વમેઘ ટેનામેન્ટ બાપાસીતારામ મઢુલી પાસે મનમોહન રોડ નિકોલ) એ અગમ્ય કારાણસર તા.૩૦/૦૯/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૧/૧૦/૨૦૨૩ કલાક ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી